- ૭ -

# પરમ-આલોચના અધિકાર

હવે આલોચના અધિકાર કહેવામાં આવે છે.

આ, નિશ્ચય-આલોચનાના સ્વરૂપનું કથન છે.

તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,
નોકર્મકર્મ-વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭.

**અન્વયાર્થ :—**નોકર્મ ને કર્મથી રહિત તથા વિભાવગુણ-પર્યાયોથી વ્યતિરિક્ત આત્માને જે ધ્યાવે છે, તે શ્રમણને આલોચના છે. ।।૧૦૭।।

આ, આલોચનાના સ્વરૂપના ભેદોનું કથન છે.

આલોચનાનું રૂપ ચઉવિધ વર્ણવ્યું છે શાસ્ત્રમાં,
—આલોચના, આલુંછના, અવિકૃતિકરણ ને શુદ્ધતા. ૧૦૮.

**અન્વયાર્થ :—**હવે, આલોચનાનું સ્વરૂપ આલોચન, આલુંછન, અવિકૃતિકરણ અને ભાવશુદ્ધિ એમ ચાર પ્રકારનું શાસ્ત્રમાં કહ્યું છે. ।।૧૦૮।।

અહીં, આલોચનાના સ્વીકારમાત્રથી પરમસમતાભાવના કહેવામાં આવી છે.

સમભાવમાં પરિણામ સ્થાપી દેખતો જે આત્મને,
તે જીવ છે આલોચના—જિનવરવૃષભ-ઉપદેશ છે. ૧૦૯.

**અન્વયાર્થ :—**જે (જીવ) પરિણામને સમભાવમાં સ્થાપીને (નિજ) આત્માને દેખે છે, તે આલોચન છે. એમ પરમ જિનેંદ્રનો ઉપદેશ જાણ. ।।૧૦૯।।

આ પારમભાવનાના સ્વરૂપનું કથન છે.

છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,
સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.

**અન્વયાર્થ :**—કર્મરૂપી વૃક્ષનું મૂળ છેદવામાં સમર્થ એવો જે સમભાવરૂપ સ્વાધીન નિજ પરિણામ તેને આલુંછન કહેલ છે. ।।૧૧૦।।

અહીં શુદ્ધોપયોગી જીવની પરિણતિવિશેષનું (ખાસ પરિણતિનું) કથન છે.

અવિકૃતિકરણ તેને કહ્યું જે ભાવતાં માધ્યસ્થને
ભાવે વિમળગુણધામ કર્મવિભક્ત આતમરામને. ૧૧૧.

**અન્વયાર્થ :**—જે મધ્યસ્થભાવનામાં કર્મથી ભિન્ન આત્માને—કે જે વિમળ ગુણોનું રહેઠાણ છે તેને—ભાવે છે, તે જીવને અવિકૃતિકરણ જાણવું. ।।૧૧૧।।

આ, ભાવશુદ્ધિનામક પરમ-આલોચનાના સ્વરૂપના પ્રતિપાદન દ્વારા શુદ્ધ-નિશ્ચય-આલોચના અધિકારના ઉપસંહારનું કથન છે.

ત્રણ લોક તેમ અલોકના દ્રષ્ટા કહે છે ભવ્યને
—મદમાનમાયાલોભવર્જિત ભાવ ભાવવિશુદ્ધિ છે. ૧૧૨.

**અન્વયાર્થ :**— મદ (મદન), માન, માયા અને લોભ રહિત ભાવ તે ભાવશુદ્ધિ છે એમ ભવ્યોને લોકાલોકના દ્રષ્ટાઓએ કહ્યું છે. ।।૧૧૨।।

આ રીતે, શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો પરમ-આલોચના અધિકાર નામનો સાતમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.